# ઑફિસ એડમિનિસ્ટ્રેટર

ઑફિસ એડમિનિસ્ટ્રેટર એક વ્યાવસાયિક છે જે તેમની સંસ્થાની ઑફિસની વિવિધ કામગીરીની દેખરેખ રાખે છે. તેમની જવાબદારીઓમાં કર્મચારીઓની દેખરેખ રાખવી, ઓફિસની કામગીરી અને પ્રક્રિયાઓનું આયોજન કરવું, પગારપત્રક તૈયાર કરવું, પત્રવ્યવહારને નિયંત્રિત કરવો, ફાઇલિંગ સિસ્ટમ્સ ડિઝાઇન કરવી, પુરવઠાને લગતી માંગણીઓની સમીક્ષા કરવી અને મંજૂર કરવી, અને ક્લેરિકલ કામગીરીઓ સોંપવી અને તેનું નિરીક્ષણ કરવાનું સામેલ છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે કંપનીના મેનેજર તરીકે કામ કરવા માંગો છો
- તમે બધા સાથે સહજતાથી વાત કરી શકો છો
- તમે નવી જવાબદારીઓ લેવા માટે ઉત્સાહિત છો



ફી

આ અભ્યાસક્રમની ફી આશરે રૂ. ૫૦,૦૦૦ થી ૨,૦૦,૦૦૦* જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - **www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈ પણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. ફ્રન્ટ ઓફિસ મેનેજમેન્ટ/ફ્રન્ટ ઓફિસ ઓપરેશન્સ/હોટેલ મેનેજમેન્ટ/હોટેલ મેનેજમેન્ટ અને કેટરિંગ ટેક્નોલોજીમાં ડિપ્લોમા અથવા ફ્રન્ટ ઓફિસ મેનેજમેન્ટમાં સ્પેશ્યલાઝેશન સાથેનો સમકક્ષ કોર્ષ કરો

અથવા

કોઈપણ વિષયમાં સ્નાતક પૂર્ણ કરો અને પછી રિસેપ્શનિસ્ટ પ્રોગ્રામ, ઓફિસ મેનેજમેન્ટ અથવા આ પ્રકારના વિષય સાથે પ્રમાણપત્ર કોર્ષ કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

* અહી આપેલ આંકડા એન.સી.એસ.માંથી લેવામાં આવ્યા છે અને તે ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

એક ઑફિસ એડમિનિસ્ટ્રેટરનું માસિક વેતન રૂ. ૧૨,૫૦૦ થી ૫૦,૦૦૦* જેટલું હોય છે.

સ્રોત: https://www.payscale.com/re- search/IN/Job-Office_Administrator/Salary/

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** હોસ્પિટલો, યુનિવર્સિટીઓ, નાણાકીય સંસ્થાઓ, સરકારી એજન્સીઓ, ચેરીટેબલ સંસ્થાઓ, નાના વ્યવસાયો, છૂટક વિક્રેતાઓ, ઉત્પાદકો, મોટી કંપનીઓ અને મીડિયા ફર્મ્સ વગેરે

**કાર્યસ્થળનું વાતાવરણ:** તમે કોઈ ઓફિસમાં કામ કરી શકો છો. તમારે એક ટીમનું સંચાલન કરવાની જવાબદારી નિભાવી પડી શકે છે. આ નોકરીમાં સ્થાનિક મુસાફરી કરવાની જરૂર રહેતી નથી. તમે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ અને દરરોજ ૮ થી ૯ કલાક કામ કરો તેવી શક્યતા છે. સમયની માંગ મુજબ વધુ લાંબા કલાકો સુધી કામ કરવાની જરૂર પડી શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

ઑફિસ એડમિનિસ્ટ્રેટર → એક્ઝિક્યુટિવ આસિસ્ટન્ટ → સિનિયર એક્ઝિક્યુટિવ આસિસ્ટન્ટ **અથવા**

ઑફિસ એડમિનિસ્ટ્રેટર → ઓપરેશન્સ મેનેજર → ડાયરેક્ટર ઓફ ઓપરેશન્સ

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

ઑફિસ એડમિનિસ્ટ્રેટર, ફ્રન્ટ ઑફિસ મેનેજર, એડમિન

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ બિઝનેસ મેનેજમેન્ટ વિભાગ દ્વારા ચલાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ, ઈન્દોર
૨. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ, રાંચી
૩. ગુજરાત યુનિવર્સિટી ગવર્મેન્ટ, અમદાવાદ
૪. જામિયા મિલિયા ઇસ્લામિયા યુનિવર્સિટી, નવી દિલ્હી
૫. અમદાવાદ યુનિવર્સિટી, અમદાવાદ
૬. ભારતીય પ્રવાસન અને યાત્રા વ્યવસ્થાપન સંસ્થા, નોઈડા
૭. દિલ્હી ટેકનોલોજીકલ યુનિવર્સિટી, દિલ્હી
૮. લખનૌ યુનિવર્સિટી

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. એસ.વી.કે.એમ. નરસી મોંજી ઈન્સ્ટિટ્યુટ ઑફ મેનેજમેન્ટ સ્ટડીઝ, મુંબઈ
૨. એમઆઈસીએ, અમદાવાદ
૩. આઈ.સી.એફ.એ.આઈ. ફાઉન્ડેશન ફોર હાયર એજ્યુકેશન, હૈદરાબાદ
૪. કે.આઈ.આઈ.ટી. સ્કૂલ ઓફ મેનેજમેન્ટ, ભુવનેશ્વર
૫. પારુલ યુનિવર્સિટી, વડોદરા
૬. ઇન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ, નિરમા યુનિવર્સિટી, અમદાવાદ
૭. જે.કે. લક્ષ્મીપત યુનિવર્સિટી, જયપુર
૮. પી.ડી.ઈ.યુ., ગાંધીનગર

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in
- mybharat.gov.in

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ



## સાફલ્ય ગાથા

**આશુતોષ વ્યાસ** હાલમાં નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ એગ્રીકલ્ચરલ માર્કેટિંગમાં બિઝનેસ એક્ઝિક્યુટિવ તરીકે કામ કરે છે. તેણે કોમર્સ કોલેજ જયપુરમાંથી બી.બી.એ. અને ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ રૂરલ મેનેજમેન્ટ, જયપુરમાંથી ગ્રામીણ વ્યવસ્થાપનમાં એમ.બી.એ. કર્યું છે. એન.આઈ.એ.એમ.માં જોડાતા પહેલા, શ્રી વ્યાસ, શાહ ટેકનિકલ કન્સલ્ટન્ટ્સ પ્રાઈવેટ લિમિટેડ સાથે ઓફિસ મેનેજર તરીકે ફરજ બજાવતા હતા.*

સ્રોત: https://ccsniam.gov.in/team?id=118

ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.